અપીલ અરજી નં.૧૬૯ તા.૨૭–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ચંદ્રકાંત ચુનીલાલ શાહ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાંત ચુનીલાલ શાહની તા.૨૧–૭–૧૦ની અરજીથી વોર્ડ નં.૪ સર્વે નં.૮૧૩ પૈકી ૮૧૯ થી ૮૨૨ ની ફીલ્ડબુક અને એસેસમેન્ટની સને–૧૯૬૦ થી ૧૯૯૦ સુધીની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૯/૨૦૧૦–૧૧

શ્રી ચંદ્રકાંત ચુનીલાલ શાહની તા.૨૧–૭–૧૦ની અરજીથી વોર્ડ નં.૪ સર્વે નં.૮૧૩ પૈકી ૮૧૯ થી ૮૨૨ ની ફીલ્ડબુક અને એસેસમેન્ટની સને–૧૯૬૦ થી ૧૯૯૦ સુધીની નકલની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.એ.આર.ડી/૪૮ તા.૨૧–૮–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અરજદારની અપીલમાંના દાવા અનુસાર ૨૦૦૮ અને૨૦૦૯–૧૦ ના આકારણી રજીસ્ટરની નોધોમાં મકાન બાંધકામના વર્ષમાં વિસંગતતાની રજુઆત અંગે કોઈ તથ્ય છે કે કેમ? તે હકીકત દફતરી નકલ સહ અત્રે મોકલવા તથા વધુમાં અરજદારે રેકર્ડ પ્રથમ માળે હોવાનો તથા ૧૯૬૮માં રેલ આવેલ હોવાનો દાવો કરેલ છે તે બન્ને બાબતે વાસ્તવિક હકીકત આધાર સહ રજુ કરવા નં.આરટીઆઈ સેલ/૬૫૮ તા.૬–૯–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને તથા અરજદારને અપીલ અરજીમાં વિસંગતતાના દાવા અંગે આધાર રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારીના ઉત્તર " અગાઉના પુર સામે રેલ માત્ર ૧૯૬૮માં આવી હતી તથા રેકર્ડ તમામ પ્રથમ માળેજ આ બધા વર્ષો દરમ્યાન હતો તેવા દાવા અંગે આધાર કે વાજબીપણું હોયતો તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/એઆરડી/૭૭ તા.૧૮–૯–૧૦ થી પૂરક વિગતોમાં નોધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/એઆરડી/ ૪૮ તા.૨૧–૮–૧૦ ના પત્રની નકલ, હરકત અરજીની નકલ તથા રેકર્ડ નાશ કર્યા અંગેના મંજુરી રીપોર્ટની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદારે પૂરક વિગતોમાં દાવાના સમર્થન બાબતે કોઈ વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૧–૭–૧૦ ની અરજીથી વોર્ડ નં.૪ સર્વે નં.૮૧૩ પૈકી ૮૧૯ થી ૮૨૨ ની ફીલ્ડબુક અને એસ ેસમેન્ટનીસને–૧૯૬૦ થી ૧૯૯૦ સુધીની નકલની માહિતી આપવા બાબતની અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.એઆરડી/૪૮ તા.૨૧–૮–૧૦ થી " રેકર્ડના નિયમો અન્વયે આવા દસ્તાવેજોની નકલ ૩૦ વર્ષ સુધી રાખવાની હોય છે પરંતુ સેન્ટ્રલઝોનમાં આ અગાઉ આવેલ પૂરના કારણે ઘણા દસ્તાવેજી પુરાવાઓનો નાશ થતાં સેન્ટ્રલઝોન એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગ ધ્વારા ઉપલબ્ધ સને ૧૯૭૯–૮૦ નું કાચુ પત્રક સને ૧૯૮૬–૮૭, ૧૯૮૭–૮૮ અને ૧૯૯૫–૯૬ ના એસેસમેન્ટ નકલો પાના નં.૧ થી ૧૮ આપવામાં આવેલ છે આ સિવાયની માંગ્યા મુજબની માહિતી ઉપર જણાવ્યા મુજબ ઉપલબ્ધ ન હોવાથી આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે રસીદ નં.૩૮૬૮૯૦ થી પાના સંખ્યા ૧૮ ભરીને માહિતી મેળવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૭–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરી જેમાં અપીલના મુદ્દા નં.૧ અરજદારે સને ૧૯૯૫–૯૬ , ૨૦૦૩–૦૪ , ૨૦૦૮–૦૯ અને ૨૦૦૯–૧૦ ની માંગણી કરેલ નથી તેવા ૧૦ પેજના રૂા.૨/– લેખે વસુલ લેવામાં આવેલ છે તે ૨૦/– રૂા. પરત કરવા રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગેના પત્ર નં.એઆરડી/૪૮ તા.૨૧–૮–૧૦ માં ૨૦૦૩–૦૪ , ૨૦૦૮–૦૯ અને ૨૦૦૯–૧૦ ની કોઈ નકલો ફી ભર્યાના સંદર્ભમાં પૂરી પાડેલ જણાતી નથી તેમજ અપીલના મુદ્દા નં.૨ એસેસમેન્ટ રજીસ્ટર ૨૦૦૮ માં જે મકાન બાંધકામનું વર્ષ ૧૯૭૭ દર્શાવે છે તે જ ૨૦૦૯–૧૦ માં તે મકાનનું બાંધકામનું વર્ષ ૧૯૨૮ દર્શાવે છે તો બેમાંથી સાચું શું માનવું કોર્પોરેશનનો રેકર્ડ આધારભુત ગણાતો હોય તો આવી બેદરકારી ચાલે ખરી. તેવી રજૂઆત કરેલ છે પરંતુ તેની વિસંગતતાના દાવા અંગે કોઈ આધાર અપીલ સાથે કે અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં રજૂ કરેલ નથી. આ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સને ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦ ના આકારણી રજીસ્ટરનો નોંધોમાં મકાનના બાધકામના વર્ષમાં વિસંગતતા બાબતે જણાવેલ છે કે સને ૨૦૦૮–૦૯ ના વર્ષથી એરીયા બેઈઝ મિલ્કતવેરા પધ્ધતિ દાખલ થતાં મિલ્કતની ઉંમર બાબતે મળેલી માહિતીના આધારે જે તે વખતે બાંધકામનું વર્ષ એસેસમેન્ટ રજીસ્ટર ઉપર ૧૯૭૭ દાખલ કરવામાં આવેલ જે સામે મિલ્કતના માલિક શ્રી રાજ અબ્બાસ અલીકાની તા.૨૬–૨–૦૯ ની વાંધા અરજીથી મિલ્કતની હાલત અને બાંધકામનો પ્રકાર ધ્યાને લેતાં મિલ્કતના બાંધકામનું વર્ષ સને ૧૯૨૮ દાખલ કરવામાં આવેલ. જે અંગે હરકત અરજી તા.૨૬–૨–૦૯ ની નકલ પણ રજૂ કરેલ છે જેમાં અરજદારે વાંધા અરજી ફોર્મમાં અમારું મકાન આશરે ૮૦ વર્ષ જુનું છે તેવું જણાવેલ છે. આમ મિલ્કતની ઉંમરમાં સુધારો સને ૨૦૦૯–૧૦ ના એસેસમેન્ટ રજીસ્ટર ઉપર બાંધકામનું વર્ષ ૧૯૨૮ દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.

વધુમાં અરજદારે પણ સને ૧૯૬૦ થી વિગતો માંગી છે જે ધ્યાને લેવા જોગ છે તેવું પણ જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૩ અરજદારે રજૂઆત કરેલ છે કે જાહેર માહિતી અધિકારી જણાવે છે કે ૩૦ વર્ષ પહેલાનો રેકર્ડ બધો રેલમાં નાશ પામ્યો છે એટલે આપી શકાય તેમ નથી રેલ ૧૯૬૮ માં આવી અને તેમાં પણ પહેલા માળે રેકર્ડ નાશ પામે તે શકય ખરું? ઈરાદાપૂર્વક તો માહિતી છુપાવવામાં આવી નથી ને? તેવી રજૂઆત બાબતે અરજદારે તેના દાવાના સમર્થનમાં આધાર કે વાજબીપણું અપીલ સાથે કે અપીલ તબકકે રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારની અપીલ અરજી સંદર્ભે રેકર્ડ પ્રથમ માળે હોવાનું તથા ૧૯૬૮ માં રેલ આવ્યા હોવાનો દાવો કરેલ છે આ બાબતે જણાવેલ છે કે સને ૧૯૯૪ બાદ સુરત મહાનગરપાલિકામાં આવેલ આકસ્મિક રેલ વખતે આકારણી વિભાગનો મોટા ભાગનો રેકર્ડ જગ્યાના અભાવે રૂદરપુરા કાદરશાની નાળ પાસે આવેલ મ્યુ. શોપીંગ સેન્ટરોની દુકાનોમાં રાખવામાં આવેલ. સદર સને ૧૯૭૦ થી ૧૯૯૪ નો રેકર્ડ સદંતર બગડી જતાં શહેર વિકાસ અધિકારી અને ઝોનના વડાની તા.૬–૪–૦૯ ની મંજુરી અન્વયે નાશ કરવામાં આવેલ છે જેના રીપોર્ટની નકલ પણ અત્રે રજૂ કરવામાં આવેલ છે જેમાં આકારણી કટબુક સને ૧૯૭૦ થી ૧૯૮૬ તથા એસેસમેન્ટ રજીસ્ટર સને ૧૯૭૦ થી ૧૯૭૮ નાશ કર્યાની મંજુરીમાં સમાવેશ થયેલ છે. વધુમાં સુરત મહાનગરપાલિકાના રેકર્ડ રુલ્સ મુજબના વર્ગીકરણમાં સદર રેકર્ડ 'બી' કેટેગરીમાં ૩૦ વર્ષ સુધી જાળવણીમાં સમાવેશ થાય છે. જયારે અરજદારે સને ૧૯૬૦ થી એટલે કે ૫૦ વર્ષ પહેલાના રેકર્ડની માંગણી કરેલ છે તે પણ સૂચક છે. રેકર્ડ નાશ કર્યા અંગે જાહેર માહિતી અધિકારીએ મોકલેલ પૂરક વિગતોમાં નિર્દિષ્ટ વર્ષો જણાવેલ છે. ત્યાર બાદના માંગવામાં આવેલ સમયગાળાના વર્ષના ઉપલબ્ધ રેકર્ડની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં આ સિવાયની માંગ્યા મુજબની માહિતી પૂરના કારણે સને ૧૯૭૦ થી ૧૯૯૪ નો દસ્તાવેજી પુરાવાઓનું નાશ થયો હોવાથી ઉપલબ્ધ ન હોવાથી આપી શકાય તેમ નથી તેવું પણ પૂરક વિગતોમાં જણાવેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરની માહિતી આપવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ઉપલબ્ધ દફતર માહિતી પૂરી પાડેલ છે જેમાં ૧૯૭૯–૮૦,૮૬–૮૭, ૮૭–૮૮ નો સમાવેશ થાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે સને ૧૯૯૪ની સાલ બાદ સુરતમાં સ ેન્ટ્રલઝોનમાં આ અગાઉ આવેલ પૂરના કારણે ઘણા દસ્તાવેજી પુરાવાઓનો નાશ થતા અગાઉનું દફતર નહીં હોવાની વિગતો અરજદારને જણાવેલ છે. જયારે તે સિવાયની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડેલ હોઈ અરજદારની અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદ્રકાંત ચુનીલાલ શાહ ,